**રાજયની ગ્રામ પચાંયતોને જકાત**
**વળતરના અનુદાનની રકમમાં**
**વધારો આપવા બાબત.**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક- પરચ/૧૦૨૦૦૮/૨૮૩૯/(પાર્ટ-૧)ચ.
તારીખ- ૬/૮/૨૦૧૩

**વંચાણે લીધા-**

૧. પં. ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના વટહુકમ ક્રમાંક-૪/૨૦૧,તા- ૩૦/૪/૨૦૦૧.
૨. પં. ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના કાયદા નં-૧૨/૨૦૦૧, તા- ૬/૮/૨૦૦૧,
૩. પં. ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના ઠરાવ ક્રમાંક- નપફ/૨૦૦૪/૧૩૭૨/ચ, તા- ૨૧/૩/૨૦૦૭
૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક- નપલ/૪૫૦૭/૨૫૩૭/મ, તા- ૧૭/૬/૨૦૦૯.
૫. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક-નપબ/૪૫૦૪/૩૭૦/મ, તા-૧/૩/૨૦૦૭.

**ઠરાવ:-**

રાજયના ગ્રામ પંચાયત વિસ્તારમાંથી તા- ૧/૫/૨૦૦૧ થી રાજયની ગ્રામ પંચાયતો ધ્વારા ઉઘરાવાતી જકાત નાબૂદી કરવાનો નિર્ણય વંચાણે લીધા. સંદર્ભ- (૧)માં દશાવેલ વટહુકમથી અને સંદર્ભ-(૨) મુજબ ગુજરાત પંચાયત અધિનિયમ કાયદાકીય જોગવાઇઓ રદ કરવામાં આવેલ છે. જેના સંર્દભમાં :-

૧. જકાત નાબુદીના પરિણામે અગાઉ જકાત ઉઘરાવતી ગ્રામ પંચાયતોને થનાર નુકશાન સામે વળતર ચૂકવવા જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવે છે તે ગ્રામ પંચાયતોને છેલ્લા ૩ વર્ષની ઓકટ્રોયની આવકની સરેરાશને પાયાનું વર્ષ ગણી તે મુજબ વળતર રકમ ચૂકવવામાં આવે છે.
૨. જકાત નાબૂદી અગાઉ જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી ન હતી તેવી ગ્રામ પંચાયતને વાર્ષિક રૂા. ૫/- (પાંચ) લેખે નાણાંકીય સહાય ચૂકવવાનો નિર્ણય સરકારે કરેલ હતો.

પંચાયત વિસ્તારમાંથી જકાત નાબૂદીનો નિર્ણય લેવામાં આવેલ ત્યારે પંચાયતોને આપવામાં આવતી જકાત વળતર અનુદાનની રકમમાં કોઇ વાર્ષિક વધારો આપવામાં આવતો ન

હતો જે ધ્યાને લઇ ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક-(૩) મુજબના તારીખ-૨૧/૩/૨૦૦૭ના ઠરાવથી રાજયની પંચાયતોને નીચે જણાવ્યા પ્રમાણે વાર્ષિક વધારો આપવામાં આવેલ છે.

૧. જે ગ્રામ પંચાયતો ઓકટ્રોય ઉઘરાવે છે તે ગ્રામ પંચાયતોને છેલ્લા ત્રણ વર્ષની આવકની સરેરાશ રકમમાં -

-વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં વાર્ષિક ૩.૫ ટકા વધારો આપવો.
-વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં વાર્ષિક ૩.૫ ટકા વધારો આપવો.
-વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં વાર્ષિક ૭ ટકા વધારો આપવો.

૨. જે ગ્રામ પંચાયતો ઓકટ્રોય ઉઘરાવતી નથી તેવી ગ્રામ પંચાયતોને માથાદીઠ રૂા.૫/- (પાંચ)લેખે વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં સને ૧૯૯૧ની વસ્તીના ધોરણે તેમજ વર્ષ ૨૦૦૫-૨૦૦૬થી સને ૨૦૦૧ની વસ્તીના ધોરણે ચૂકવણી કરવાની રહેશે.
૩. ઉપર મુજબનો વધારો સને ૨૦૦૬-૦૭ના વર્ષ સુધી આપવાનો રહેશે, અને ત્યારબાદ પુનઃ સમીક્ષા કરવાની રહેશે.

ઉકત વંચાણે લીધા ક્રમાંક-(૩) પરના તા- ૨૧/૩/૨૦૦૭ના ઠરાવ મુજબ વર્ષ ૨૦૦૬-૦૭ બાદ જકાત વળતરની અનુદાનની રકમમાં વધારો કરવા પુનઃ સમીક્ષા કરવાની થાય છે. જે મુજબ રાજય સરકારે સમીક્ષા કરીને પુખ્ત વિચારણાના અંતે જકાત વળતર અનુદાનની રકમમાં વધારો કરવા બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

૧. જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી હતી તેવી ગ્રામ પંચાયતોને જકાત વળતર અનુદાનની સને ૨૦૦૫-૦૬ના વર્ષને પાયાનું વર્ષ ગણી ૧૦ ટકાનો વધારો વર્ષ - ૨૦૦૭-૦૮ તેમજ સને ૨૦૦૮-૦૯ માટે આપવો.
૨. જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી ન હતી તેવી ગ્રામ પંચાયતોને સને ૨૦૦૧ની વસ્તી ગણતરીને ધ્યાને લઇ માથાદીઠ વાર્ષિક રૂા.૫/- લેખે જકાત વળતરની રકમની ચુકવણી કરવાની રહેશે.
૩. ઉપર મુજબનો વધારો સને ૨૦૦૮-૦૯ સુધી આપવાનો રહેશે તથા ત્યાર બાદ પુનઃ સમીક્ષા કરવાની રહેશે.
૪. ગ્રામ પંચાયતમાંથી રૂપાંતરિત થયેલ નગરપાલિકાઓ અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા- ૧/૩/૨૦૦૭ના સંદર્ભ-(૫)માં દર્શાવેલ વિગતો મુજબ અમલ કરવાનો રહેશે.

ઉપર મુજબ ગ્રામ પંચાયતોને જકાત વળતર અનુદાનની રકમની ચૂકવણી વિકાસ કમિશ્નરશ્રી , ગાંધીનગર મારફત કરવાની રહેશે, તેમજ જકાત વળતર અનુદાનની રકમના હિસાબો અને ખર્ચના મેળવણાની કામગીરી પણ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરે જ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ જકાત વળતર અનુદાનની રકમ માંગણી ક્રમાંક- ૭૨, મુખ્ય સદર-૩૬૦૪- સ્થાનિક સંસ્થાઓને અને પંચાયતી રાજ સંસ્થાઓને વળતર તથા સોંપણી, ગૌણ

સદર-૨૦૦- અન્ય પરચુરણ વળતર અને સોંપણી, પેટા સદર (૦૬) જકાત નાબૂદ કરવાને લીધે પંચાયતોને વળતર અને એકસગ્રેસીયા ગ્રાન્ટની ચૂકવણી (આયોજન બહાર) હેઠળ બજેટ સદરે ઉધારવાનો રહેશે અને તે સદરે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો ઉપર સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંક-(૪) મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ તા- ૧૭/૬/૨૦૦૯, ફાઈલ ક્રમાંક- નપલ/ ૪૫૦૭/ ૨૫૩૭/મ, તથા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા-૨૬/૦૭/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વનરાજ પઢારીયા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાના-**

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. મંત્રીશ્રી (શહેરી વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. અગ્ર સચિવશ્રી (આ.બા.) , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. નાણાં સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૩. જિલ્લા વિકાસ અધિકારશ્રી, સર્વે, (વિકસ કમિશ્નરશ્રી મારફત)
૧૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર(જકાત વળતર અનુદાનની રકમ ગ્રામ પંચાયતોને ચૂકવવાની જરૂરી કાર્યવાહી અર્થે..)
૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
૧૬. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૧૭. સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૮. સિલેકટ ફાઇલ.
૧૯. નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.